


# ગરીબની ઝૂંપડી અને રાજાનો મહેલ

— જયભિખ્ખુ

કાશ્મીરમાં ઘણા વખત પહેલાં ચંદ્રાપીડ નામનો રાજા થઈ ગયો. એ બહુ ન્યાયી ને પ્રજા પર પ્રેમ રાખનારો હતો. એણે એક વાર મંત્રીઓને હુકમ કર્યો :

‘‘સુંદર જમીન પસંદ કરો. એના પર એક સુંદર મંદિર બનાવો. દેશના ઉત્તમ કારીગરો પાસે એમાં કોતરણી કરાવો. દેશદેશથી લોકો જોવા આવે, યાત્રાળુ જાત્રા કરવા આવે, એવું બેનમૂન મંદિર બનાવો.’’

મંત્રીઓએ રાજાની આજ્ઞા મુજબ કામ શરૂ કર્યું. દેશદેશથી કારીગર તેડાવ્યા, જમીન પસંદ કરી. પાયા ખોદ્યા ને ચણતરકામ શરૂ કર્યું.

કેટલોક સમય વીતી ગયો.

પાયા તો ખોદાયા અને ચણાયા, પણ કામ આગળ ચાલતું અટકી ગયું.

રાજાએ મંત્રીઓને બોલાવ્યા ને પૂછ્યું કે કામ કેમ અટક્યું છે ?

મંત્રીઓએ કહ્યું : ‘‘મંદિરના કામ માટે અમે પૂરેપૂરા ઉત્સાહી છીએ, પણ એમાં એક અડચણ ઊભી થઈ છે ?’’

રાજા કહે : ‘‘શી અડચણ  ઊભી થઈ છે ? ’’

મંત્રીઓ કહે : ‘‘મંદિરના ચણતરકામમાં એક ચમારની ઝૂંપડી વચ્ચે આવે છે. અમે એ ચમારને ઘણો સમજાવ્યો, પણ સમજતો નથી.’’

રાજા કહે : ''એને વળતર આપો. મોં–માગ્યાં દામ આપો. એનું મન રીઝવો.''

મંત્રીઓ કહે : ''રાજન્, મોં–માગ્યું ધન આપવાની અમે વાત કરી ત્યારે તેણે કહ્યું કે આ વસ્તુ ધનથી મૂલવી શકાય તેવી નથી. હવે એને કેવી રીતે સમજાવીને રાજી કરવો, એ મૂંઝવણમાં અમો પડયા છીએ. એટલે જ કામ થંભ્યું છે.''

રાજા કહે : ''ચમારને મારી પાસે બોલાવો.''

ચમાર સુદાસને દરબારમાં બોલાવવામાં આવ્યો. એ રાજાને હાથ જોડીને ઊભો રહ્યો.

રાજાએ કહ્યું : ''ભાઈ સુદાસ ! મંદિર જેવા પવિત્ર કામમાં શા માટે આડો આવે છે ? તારી ઝૂંપડીના બદલામાં તને ગમે તે જમીન આપવામાં આવશે. તારે તૈયાર ઘર જોઈતું હશે, તો તેની પણ સગવડ થશે.''

સુદાસ બોલ્યો : ''હે રાજાજી ! હું ગરીબ માણસ છું પણ ગરીબ માણસનું મન ગરીબ હોતું નથી. રાજાની માફક રંકને પણ હૃદય હોય છે. રંકના હૃદયમાં પણ મમતા અને સ્નેહનાં ઝરણાં વહેતાં હોય છે.''

રાજા કહે : ''તારું કહેવું સાચું છે, સુદાસ !''

સુદાસ કહે : ''જેટલો આપને આપના મહેલ પર મોહ છે, તેટલી મને મારી ઝૂંપડી વહાલી છે. આપને તો ત્રણચાર મહેલ હશે, પણ મારે તો એક જ ઝૂંપડી છે. અને તે મને સાત ખોટના દીકરાની જેમ જીવ જેવી વહાલી છે !''

રાજા કહે : ''તને તારી ઝૂંપડીથી પણ સારું મકાન આપવામાં આવે તો તું તારી ઝૂંપડી આપી શકે ખરો ?''

સુદાસ કહે : ''ના મહારાજ ! સગી મા ગમે તેવી ગરીબ હોય, પણ તેની ગરજ કોઈ શ્રીમંતની મા સારી શકતી નથી. મારી ઝૂંપડી મને વહાલી છે, તેનાં અનેક કારણો છે.''

રાજા કહે : ''એ કારણો હું જાણવા માગું છું.''

સુદાસ કહે : ''હાથનો બનાવેલો રોટલો ગમે તેવો હોય, તોય મીઠો લાગે છે. એમ આ ઝૂંપડી મેં પોતે બનાવી છે.''

રાજા કહે : ''બરાબર છે.''

સુદાસ આગળ બોલ્યો : ''એટલું જ નહીં એ માટે માટીની ખાણોમાંથી મેં જાતે એની માટી ખોદી આણી છે. મારી સદ્ગત પત્નીએ એ માટીને અમારી મંગળા ગાયના છાણ સાથે ભેળવીને પગથી ખૂંદી છે.

''મારી નાની દીકરી, જે ચેપી રોગમાં મરી ગઈ, એની નાની નાની પગલીઓ એ ગાર પર પડેલી છે.

રાજા સુદાસની વાત સાંભળી રહ્યો. સુદાસે આગળ કહ્યું :

''આ ઝૂંપડીને અમે ખૂબીથી બનાવેલી છે. ફૂટેલા ઘડાના કાંઠલા મૂકી હવાબારાં મૂક્યાં છે. પશ્ચિમ–દક્ષિણનો  મીઠો વાયુ એ હવાબારાંમાંથી આવે છે, ને રબારીની વાંસળીના સૂર મને ત્યાંથી સંભળાયા કરે છે.''

રાજા કહે : ''સાચી વાત છે ભાઈ, તારી ! રાજાને જેટલો એનો મહેલ વહાલો હોય એના કરતાં ગરીબને એની ઝૂંપડી વધુ વહાલી હોય છે.''

''અને, મહારાજ !'' સુદાસ આગળ બોલ્યો, ''આ આંગણામાં હું રોજ દાણા વેરું છું. પ્રેમી પંખીડાંઓ રોજ ત્યાં ચણવા આવે છે ને મને મીઠાં ગીતડાં સંભળાવે છે.''

''અને વળી તૂટેલી ઠીકરાની ચાટમાં કાળી કૂતરીને અને એનાં ગલૂડિયાંને હું રોજ છાશ–રાબ આપું છું. એ મારા ઘરની ચોકી છે. હું આ મકાન છોડી જાઉં તો એ બિચારાનું શું ?''

રાજા કંઈ ન બોલ્યો, એ વિચારમાં પડી ગયો હતો. સુદાસે આગળ ચલાવ્યું :

''લાકડાના થડને પોલું કરી એમાં રોજ પાણી ભરું છું. રબારીનાં ઢોર અહીં વિસામો લે છે, ને પાણી પીએ છે. રોજ એક અતિથિને જો તે જમે તો જમાડું છું, નહીં તો આટો આપું છું.

રાજા કહે : ''સુદાસ ! તારી ઝૂંપડી કિમતી છે. પણ એને જનસમાજ માટે મંદિર બનાવવા ન આપે ? તારું નામ અમર થઈ જશે.''

સુદાસ કહે : ''જનતા પણ જનાર્દન છે. જૂની એક કહેવત છે કે પંચ પરમેશ્વર છે. એક રીતે એ આપું. આપ હાથીને હોદ્દે ચઢીને મારે ઘેર પધારો. મારી ઝૂંપડી પાવન કરો. પછી આપ માગણી કરો. ગૃહસ્થાઈના નિયમ મુજબ હું આપ જેવાને નિરાશ નહીં કરું.''

રાજા ચંદ્રાપીડ ન્યાયશીલ રાજા હતો. બીજે દિવસે હાથીએ ચઢીને તે સુદાસને ત્યાં ગયો.

સુદાસે દોડીને રાજાજીના ચરણમાં માથું મૂક્યું અને કહ્યું, ''આ ઝૂંપડી તો શું, આ દેહનો પણ ખપ હોય તો એ પણ માગજો !''

રાજાએ સુદાસને શાબાશી આપતાં કહ્યું : ''તેં આજે સહુ કોઈને બે વાત શીખવી. એક તો ગરીબનું હૃદય ગરીબ હોતું નથી; બીજી, રાજાના મહેલ જેટલી ગરીબની ઝૂંપડી પણ અગત્યની હોય છે.

રાજા ચંદ્રાપીડનો ન્યાય અમર થઈ ગયો.

ચમાર સુહાસનું દાન અમર થઈ ગયું.

■